

## (C - 63)
## આજે આનંદ અપાર

આજે આનંદ અપાર (૨) જ્ઞાનવૈભવ મંગલકાર (૨)
સુવર્ણનગરીમાં ગાજે આજે જય જયકાર
સંવત ૯૩ મી સાલ, ચૈત્ર અષ્ટમી મંગલકાર
જાગ્યા પૂર્વભવોના સ્મરણો મંગલકાર.....આજે૦

દેખ્યા સીમંધર ભગવાન, દર્શન કુંદકુંદ ભગવાન
નીરખે રત્નમય પ્રતિમા મનહાર.....આજે૦

દિવ્યજ્ઞાનનો ભંડાર, આશ્ચર્યકારી છે તુજ જ્ઞાન,
સમવશરણની જેમાં મહિમા છે અપાર.....આજે૦

રત્નરાશિ મળિયો આજ, કલ્પવૃક્ષ ફળિયા આજ
જેમાં સોહે છે રત્નોની મંગળ માળ.....આજે૦

ડંકા વાગે ભરત મોઝાર, ભક્તો ઉત્સવ ઉજવે આજ
જ્ઞાન વૈભવ નો ગાજે આજે જય જયકાર.....આજે૦

પ્રકાશન જ્ઞાનવૈભવનો થાય, આનંદ મંગળ છવાય,
ભગવતી માતાનો ગાજી રહ્યો જય જયકાર.....આજે૦

લાવ્યા ૐ ધ્વનિના નાદ, ગુરુવર ભાવિના ભગવાન
રાજકુંવરનો મહિમા વિદેહમાં ગવાય.....આજે૦

શાશ્વત તપજો તારા રાજ, જ્ઞાન વૈભવનો જય જયકાર,
હરક્ષણ ભક્તજનો ગાવે તારા યશગાન.....આજે૦